Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

કારતક

માગસર



અંક ૧-૨

પુસ્તક ૯૬

: પ્રગટ :

: શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : વર્ષ ૯૭ મું : વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬-૫૦

## —: अनुक्रमणिक :—



| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | શ્રી મહાવીર સ્વામિનું સ્તવન | મા. શામજીભાઇ હેમચંદ દેસાઇ | ૩ |
| ૨. | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા ચરિત્રમાંથી | ૪ |
| ૩. | શંખેશ્વરા પાર્શ્વનાથ | શરણાર્થી | ૬ |
| ૪. | સંત વાણી | રતિલાલ માણેકચંદ શાહ | ૭ |
| ૫. | શ્રમણ ભગવાન મહાવીર | વિજય ધર્મસૂરીશ્વરજી | ૮ |
| ૬. | વિવિધ સમાચાર | લેખક | ૯ |
| ૭. | સાચો પુરૂષાર્થ | રતિલાલ માણેકચંદ | ૧૦ |
| ૮. | કર્પુર સૌરભ | અમરચંદ માવજી શાહ | ૧૧ |
| ૯. | દેવ અરિંહત | મણીલાલ મો. ધામી | ૧૩ |
| ૧૦. | વિશ્વમાન્ય ધર્મ | ચત્રભુજ હરજીભાઇ | ૧૫ |
| ૧૧. | જ્ઞાનનો ધોરીયો | અમરચંદ માવજી શાહે | ૧૬ |




ચોરાણુ વર્ષથી નિયમિત પ્રગટ થતું જૈન સમાજનું જુનામાં જુનુ
ધાર્મીક નૈતિક માશીક

"જૈન ધર્મ પ્રકાશ"

જેમા તત્વાજ્ઞાન, ધર્મકથા, ભક્તિપ્રધાન રસ સામગ્રી રજુ કરવામાં આવે છે. આપ તેમા આપના ધંધાનાં વધુ વિકાસ અર્થે જાહેર ખબર આપો


**અમારા જાહેર ખબરનાં દર નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| ટાઇટલ પેજ (છેલ્લુ) ચોથુ આખુ પાનુ એક વખતના | રૂા. | ૧૦૦-૦૦ |
| ટાઇટલ પેજ નં. ૨ અથવા નં. ૩ આખુ પાનુ | રૂા. | ૭૫-૦૦ |
| અંદરનું આખુ પાનું | રૂા. | ૫૦-૦૦ |
| અંદરનું અર્ધું પાનું | રૂા. | ૩૦-૦૦ |
| અંદરનું પા પાનું | રૂા. | ૨૦-૦૦ |

તા. ક. અમારો આગામી અંક તા. ૭-૨-૭૮ નાં રોજ પ્રસીદ્ધ થશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





પુસ્તક ૯૬ મું
અંક ૧-૨

કારતક–માગશર

વીર સં. ૨૫૦૨
વિક્રમ સં. ૨૦૩૬


## શ્રી મહાવીરસ્વામિનું સ્તવન

(રાગ જાવો જાવો મેરે સાધુ)

આવો આવો હો વીર સ્વામી મારા અંતરમાં
ક્રોધ માન માયા મમતાનો, અમ અંતરમાં વાસ
જબ તુમ આવો ત્રિશલાનંદન પ્રકટે જ્ઞાન પ્રકાશ...આવો૦ ૧

આત્મચંદન પર કર્મ સર્પનું નાથ અતિશય જોર
તે કૃત્યોને દુર કરવાને, આપ પધારો મોર...આવો૦ ૨
માયા આ સંસાર તણી બહુ વરતાવે છે કેર
શ્યામ' જીવનમાં આપ પધારો, થાયે લીલાલ્હેર....આવો૦ ૩

સ્વ. મા. શામજીભાઇ હેમચંદ દેસાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી

આગળ ચાલતાં એક મુની તેમના જોવામાં આવ્યા, એટલે તેમણે ભક્તિથી વંદના કરી. તેમની પાસેથી ધર્મ સાંભળીને બંને જણાએ વ્રત ગ્રહણ કર્યું. ગુરૂની આજ્ઞાથી અનુકોશા કમલશ્રી નામની એક આર્યા પાસે રહી. કાળયોગે મૃત્યુ પામીને તેઓ સૌધર્મ દેવલોકમાં દેવતા થયા એક દિવસ પણ વ્રત આરાધ્યું હોય તો સ્વર્ગ સિવાય બીજી ગતિ થતી જ નથી. વસુભૂતિ ત્યાંથી ચ્યવીને વૈતાઢ્ય પર્વત ઉપર રથનુપુર નગરનો ચંદ્રગતિ નામે રાજા થયો અનુકોશા પણ ત્યાંથી ચ્યવીને તે વિદ્યાધરપતિ ચંદ્રગતિની પુષ્પવતી નામે પવિત્ર ચરિત્રવાળી સતી સ્ત્રી થઈ. પેલી સરસા કોઈ સાધ્વીને જોઈ. દીક્ષા લઇ મૃત્યુ પામીને ઇશાન દેવલોકમાં દેવીપણે ઉત્પન્ન થઇ. સરસાના વિરહથી પીડીત એવો અતીભુતી મૃત્યુ પામી, સંસારમાં ચીરકાળ ભમી અન્યદા એક હંસનો શિશુ થયો. એક વખતે બાજ પક્ષીએ ભક્ષણ કરવા માટે તેને ઉપાડયો તેમાંથી સ્ખલના પામતાં તે કોઇ મુનીની પાસે પડયો. કંઠે શ્વાસ આવેલ હોવાથી મુનીએ તેને નમસ્કાર મંત્ર સંભળાવ્યો તે મંત્રના મહાપ્રભાવથી મૃત્યુ પામીને તે કિન્નરજાતિના વ્યંતરમાં દશ હજાર વર્ષના આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને વિદગ્ધ નામના નગરમાં પ્રકાશ સિંહ રાજાની પ્રવરાવળી રાણીથી કુંડલમંડીત નામનો પુત્ર થયો. પેલો કયાન ભોગાસક્તપણે મરણ પામી, ચિરકાળ ભવાટવીમાં ભમી ચક્રપુર નગરનાં રાજા ચક્રધ્વજના પુરોહિત ધુમ્રકેશની સ્વાહા નામની સ્ત્રીના ઉદરથી પિંગલ નામનો પુત્ર થયો. તે પિંગલ ચક્રધ્વજ રાજાની અતિસુંદરી નામની પુત્રીની સાથે એક ગુરૂની પાસે ભણતો હતો.

કેટલોક કાળ જતાં તે બંનેની વચ્ચે પરસ્પર અનુરાગ થયો, તેથી એક વખતે પિંગલ છળથી અતિસુંદરીનું હરણ કરીને વિદગ્ધ નગરે ચાલ્યો ગયો. કળાવિજ્ઞાન વિનાનો પિંગલ તૃણકાષ્ઠાદિ વેચીને પોતાની આજીવીકા ચલાવવા લાગ્યો. "નિર્ગુણીને તે જ યોગ્ય છે." ત્યાં રહેલી અતિસુંદરી રાજપુત્ર કુંડલમંડિતના જોવામાં આવી એટલે તત્કાળ તેમને પરસ્પર અનુરાગ ઉત્પન થયો રાજપુત્ર કુંડલમંડિતે તેનું હરણ કર્યું પરંતુ પિતાના ભયથી તે કોઈ દુર્ગદેશમાં એક પલ્લી(નેહડો) કરીને તેની સાથે રહયો

અતિસુંદરીના વિરહથી પિંગલ ઉન્મત્ત થઇને પૃથ્વી ઉપર ભમવા લાગ્યો. એક વખતે ભમતાં ભમતાં આર્યગુપ્ત નામના આચાર્ય તેના જોવામાં આવ્યા. તેમની પાસેથી ધર્મ સાંભળીને તેણે દીક્ષા લીધી, પણ તેણે અતિસુંદરી ઉપરનો પ્રેમ જરા પણ છોડયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. પેલો કુંડલમંડિત પલ્લીમાં રહ્યો સતો શ્વાનની જેમ છળ કરીને દશરથ રાજાની ભુમીને લુટવા લાગ્યો. બાલચંદ્ર નામનો એક સામંત દશરથ રાજાની આજ્ઞાથી તેને ભુલાવો ખવરાવી, પકડી બાંધીને તેમની પાસે લઇ આવ્યો. કેટલેક કાળે દશરથ રાજાએ કુંડલમંડિતને પાછો છોડી મુકયો જયારે શત્રુ દીન અને ક્ષીણ થઇ જાય છે. ત્યારે મોટા પુરૂષોનો કોપ શમી જાય છે પછી કુંડલમંડિત પિતાના રાજ્યને માટે પુથ્વી પર ભમવા લાગ્યો અન્યદા મુનીચંદ્ર નામના કોઇ મુની પાસેથી ધર્મ સાંભળીને તે શ્રાવક થયો. રાજ્યની ઇચ્છાએ મૃત્યુ પામીને તે મિથિલા નગરીમાં જનક રાજાની સ્ત્રી વિદેહાના ગર્ભમાં પુત્રપણે ઉત્પન થયો પેલી સરસા જે ઇશાન દેવલોકમાં દેવી થઇ હતી તે એક પુરોહિતની વેગવતી નામે પુત્રી થઇ. તે તે ભવમાં દીક્ષા લઇ મૃત્યુ પામીને બ્રહ્મલોકમાં ગઈ ત્યાંથી ચ્યવીને વિદેહા રાણીના ઉદરમાં કુંડલમંડિતના જીવની સાથે જ પુત્રીપણે ઉત્પન થઈ સમય આવતાં વિદેહાએ પુત્ર અને કન્યાના યુગલને જન્મ આપ્યો. તે જ સમયે પેલા પિંગલ મુની મૃત્યુ પામીને સૌધર્મકલ્પમાં દેવ થયા. તેણે અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોયો, એટલે પોતાના પૂર્વભવના વેરી કુંડલમંડિતને જનક રાજાના પુત્રરૂપે જન્મતા દીઠો. પૂર્વ ભવના વેરથી કોપ કરીને તેણે તેને જન્મતા જ હરી લીધો પછી તેણે વિચાર્યું કે- આને શિલાતળ ઉપર અફળાવી હણી નાખું પણ ના, મેં પુર્વ ભવે દુષ્ટ કર્મ કરેલું તેનું ફળ મેં અનેક ભવોમાં અનુભવેલું છે.

દેવયોગે મુનિપણું પ્રાપ્ત કરી હું આટલી ભુમિકા સુધી આવ્યો છુ. તો બાળકની હત્યા કરીને પાછો અનંત ભવ પરિભ્રમણ કરનારો શા માટે થાઉં? આ પ્રમાણે વિચારી તે દેવે કુંડલાદિક આભુષણોવડે તે બાળકને શણગારી, પડતા નક્ષત્રની કાંતિના ભરમને આપતા તે બાળકને વૈતાઢયગિરિની દક્ષિણ શ્રેણીમાં રથનુંપુર નગરના નંદનોધાનમાં શલ્યા પર મુકે તેમ હળવેથી મુકયો આકાશમાંથી પડતી તે બાળકની કાંતિને જોઇને આ શુ થયુ ? એમ સંભ્રમ પામેલા ચંદ્રગતિ રાજા તેના પડવાના અનુસારે નંદન વનમાં ગયો ત્યાં દિવ્ય અલંકારથી ભુષીત તે બાળકને તેણે દીઠો.

તરત જ તે અપુત્ર વિદ્યાધરપતિ ચંદ્રગતિએ તેને પુત્રપણે માનીને ગ્રહણ કર્યો. અને રાજમહેલમાં આવીને પોતાની પ્રિયા પુષ્પવતીને અર્પણ કર્યો. પછી નગરમાં આવી આઘોષણા કરાવી કે— આજે ગુઢગર્ભા દેવી પુષ્પવતીએ એક પુત્રને જન્મ આપ્યો છે. રાજાએ અને નગરજનોએ તેનો જન્મોત્સવ કર્યો પ્રથમના ભામંડલના સંબંધથી તેનું ભામંડળ પાડયું પુષ્પવતી અને ચંદ્રગતિના નેત્રરૂપ કુમુદમાં ચદ્ર જેવો તે બાળક ખેચરીઓના હાથે લાલિત થતો વૃદ્ધિ પામવા લાગ્યો (ક્રમશ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંખેશ્વરા પાર્શ્વનાથ

લેખક : શરણાર્થી

તેમની પછવાડે ચંદ્રયશ સિંહલ, બાર્બર કાંબોજ કેરલ અને દ્રાવીડ રાજાઓ સૈનિકો સહીત ઉભા રહયા. તેની પછવાડે સાઠ હજાર રથો લઈને મહાસેનનો પિતા એકલો પર્વતની માફક ઉભો હતો. તેના રક્ષણ માટે ભાનુ ભામર ભારૂ અસિત, સંજય ભાનુ, ધુષ્ણુ કંપિત ગૌતમ, શત્રુંજય મહાસેન, ગંભીર બ્રહ્મધ્વજ વસુવર્મા ઉદય, ઋત-વર્મા, પ્રસેનજીત, પ્રઠધર્મા વિક્રાંત અને ચંદ્રવર્મા રાજા એ સર્વ ફરતા રક્ષણ કરવાને ઉભા હતા. આ પ્રમાણે ગરૂડધ્વજે (શ્રી કૃષ્ણે) બરાબર રીતે ગરૂડવ્યુહની રચના કરી હતી. તે સમયે શહેન્દ્રે અરિષ્ટનેમિને યુધ્ધની ઇચ્છાવાળી જાણીને વિજયી શસ્ત્રોસહિત પોતાનો રથ આપીને માતલી સારથીને પ્રભુ પાસે મોકલ્યો એટલે અરિષ્ટનેમિએ તે રથ અલંકૃત કર્યો.

ગરૂડવ્યુહની રચના સંપુર્ણ થતા રાજા સમુદ્રવિજયે પાંડવોની સમતીથી કૃષ્ણના અભુજબંધુ અનાધુષ્ટિને ગરૂડવ્યુહના સેનાધિપતી તરીકે અભિષેક કર્યો.

પોતપોતાની સૈન્યની તૈયારી થતાં જ યુધ્ધના વાજિંત્ર વગાડવાની સાથે યુધ્ધનો પ્રારંભ થયો, ઘણા સમય પર્યન્ત બંને વ્યુહો એકબીજાને દુર્ભેધ થઈ પડયા. અનુક્રમે મગધેશ્વરના અંગ સૈનિકોએ સ્વામિભકિતથી જ રહેલા ગરૂડવ્યુહના અંગ સૈનિકોના ભાગ કરી દીધા, કૃષ્ણે પોતાના સૈનિકોને સ્થીર કર્યા તે વખતે દક્ષિણ અને વામભાગે રહેલા નેમિ અર્જુન તથા વ્યુહની ચાંચ જેવા અમુક ભાગે રહેલા અનાધુષ્ટિ, ક્રોધ સહિત આગળ દોડી આવ્યા. મહાનેમિએ સિંહનાદ શંખ, અર્જુને દેવ શંખ અને અનાધુષ્ટિએ બલાહક શંખ મોટા નાદથી ફુકવા માંડયો, જેથી જરાસંધના સૈન્યો ક્ષોભ પામી ગયા એ ત્રણે મહારથી વીરો પારાવાર બાણોને વર્ષાવતા કલ્પોતકાળના વાયુની માફક આગળ ચાલ્યા જેથી ચક્રવ્યુહ આગળ મુખ્ય સાંધા તરફ શંકટવ્યુહ રચીને રહેલા શત્રુપક્ષના રાજાઓ તેમનું પરાક્રમ સહન ન કરી શકવાથી ઘણો ઉપદ્રવ પામીને નાસી ગયા. પછી તે ત્રણે મહારથીઓએ વન હસ્તીઓ જેમ ગિરિનદીના તટને ભાંગે તેમ ચક્રવ્યુહને ત્રણ જગ્યાએથી તોડી નાખ્યો નદીના પ્રવાહની જેમ માર્ગ કરીને તેમાં પ્રવેશ કર્યો તેમની પછવાડે તેમના સૈનિકો ગયા એટલે તેમને રોકવાને રૂકિમ, હિરણ્ય-નાભ અને શિશુપાળ દોડી આવ્યા. રૂકિમે મહાનેમિને, શિશુપાળે અર્જુનને અને હિર ણ્યનાભે અનાધુષ્ટિને રોકવા માટે પરસ્પર ભયંકર યુધ્ધ કરવા માડયું.

(ક્રમશ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંતવાણી

લેખક : **રતિલાલ માણેકચંદ શાહ**

સમ્યકત્વ રૂપી વર્ષાઋતુમાં, શ્રી વીતરાગ ગુરૂના ધ્વનિરૂપ મેઘ ગર્જના સાંભળીને સુખ ઉપજે છે અને સુબુધ્ધિ જનોના ચિત્તરૂપી મયુર વિકસિત થયો છે. આત્મક્ષેત્રમાં સાધક ભાવ રૂપી અંકુરા ઉગ્યા છે. અને અસંખ્ય પ્રદેશી ચૈતન્ય ભુમિમાં સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો છે....અહો! આજે મારે સમ્યકરૂપી શ્રાવણ આવ્યો છે.

આવી આનંદકારી સમ્યકત્વરૂપી વર્ષારુતુમાં સદા લયલીન રહેવાની ભાવના પૂર્વક અંતિમ કડીમાં કહે છે કે:-

ભુલ ધુલ કહીં મૂલત સૂઝત, સમરસ-જલ ઝરલાયો,
ભૂધર કયો નીકસે અબ બાહિર, જિન નિરચુઘર પાયો......
....અબ મેરે સમકિત સાવન આયો.......

આત્મામાં સમ્યકત્વ રૂપી વર્ષા થતા ભુલરૂપી ધુળ કયાંય ઉડતી દેખાતી નથી અને સર્વત્ર સમરસ રૂપી પાણીના ઝરણા ફુટી નીકળ્યા છે. માટે કલાકાર કવિ (ભુધરદાસજી) કહે છે કે, હવે ભુ-ધરે બહાર કેમ નીકળશે ? હવે અમે અમારા નિજઘરથી બહાર નહીં નીકળીએ, કેમ કે નિરચુ કદી પણ નહી ચુવે એવું ઘર-અવિનશ્વર આધ્યાત્મિક સ્થાન અમે પ્રાપ્ત કરી લીધું છે. તેથી હવે તો ત્યાં જ રહીને અમે સમ્યકત્ત રૂપી શ્રાવણનો આનંદ ભોગવશું આજ અમારે સમ્યત્વ રૂપી શ્રાવણ આવ્યો છે.

---

## શ્રમણ ભગવાન મહાવીર પ્રભુની ઉપદેશ ધારામાંથી તારવેલા અમૃતબિંદુઓ

૧ આત્મા અનાદિ છે અનંત છે. આત્માની ઉત્પતિ પણ નથી અને મરણ પણ નથી. આત્મ ત્રણેય કાળમાં શાશ્વત છે.

૨ આવા આત્માઓ વિશ્વમાં એક નહિ પણ અનંતાનંત છે. પ્રત્યેક આત્માનું મૌલિક સ્વરૂપ એક સરખુ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રવણ ભગવાન મહાવીર

લેખક વિજય ધર્મસુરિશ્વરજી

## પરમાત્મદશાના બે પ્રકાર

પરમાત્મદશા બે પ્રકારની હોય છે. એક પરમાત્મદશામાં સ્વ. કલ્યાણની જ પ્રધાનતા હોય છે. જ્યારે બીજા નંબરની પરમાત્મદશામાં સ્વ કલ્યાણની પ્રધાનતા સાથે વિશ્વના સર્વ જીવોના કલ્યાણ માટેના પુરૂષાર્થની પણ તેટલી જ પ્રધાનતા હોય છે. પ્રથમ નંબરની પરમાત્મદશા પ્રાપ્ત કરનારા જીવાત્માઓ અનંત સંખ્યામાં હોય છે. પણ બીજા નબરની પરમાત્મદશા પ્રાપ્ત કરનારી વિભૂતીઓ એક એક કાળ પ્રવાહમાં (જૈન દર્શનની અપેક્ષાએ એક ઉત્સર્પિણી- એક અવસર્પિણી કાળમાં) ફકત ચોવીશની સંખ્યામાં જ થાય છે. એ વિભૂતિઓ તીર્થંકર, ઇશ્વર, પ્રભુ વગેરે વિશિષ્ટ નામોથી ઓળખાય છે. જૈન દર્શનમાં તીર્થંકરોની સંખ્યા ૨૪ અને હિંદુઓમાં અવતારી પુરૂષોની સંખ્યા પણ ૨૪, સર્વત્ર પસિદ્ધ છે.

## નંદનમુનિ અને પરમાત્મ દશા સાથે તીર્થંકર પદની યોગ્યતા

ભગવાન મહાવીર પહેલા પ્રકારની પરમાત્મદશાને પ્રાપ્ત કરનારા ન હતા પરંતુ પોતાને પરમાત્મદશા પ્રાપ્ત થવા સાથે વિશ્વના સર્વ જીવોને પણ એ અનંત સુખના સ્થાનની પ્રાપ્તિ થાય એ માટેના પુરૂષાર્થની પ્રધાનતાવાળા હતા. નયસારના જીવનમાં જ્યારે આત્મદર્શન કિંવા સમ્યગદર્શન થયું ત્યારે જ એ સમ્યગદર્શનમાં અન્ય જીવોના આત્મદર્શનની અપેક્ષાએ બીજરૂપે વિશેષતા હતી પણ પચીસમા નંદનમુનિના ભવમાં એ વિષેશતા ફાલીફુલી અને તીર્થંકર પ્રભુ કિંવા ઇશ્વર થવાની લાયકાત સંપૂર્ણ તયા નિશ્ચિત બની. આ નંદનકુમાર એક રાજવીના સુપુત્ર અને યુવરાજપદે હતા. પણ હવે અંતરમાં અજવાળા કાયમી હોવાના કારણે પ્રિયમિત્ર ચક્રવર્તીના ભવમાં અપૂર્ણ રહેલ સાધનાનો પુનઃ પ્રારંભ કર્યો એક સમર્થ ત્યાગી વૈરાગી આચાર્યદેવ પાસે નંદનકુમાર દીક્ષીત થયા જે દિવસે દીક્ષિત થયા તે જ દિવસે જીવન પર્યંત એક એક માસના ઉપવાસ કરવાની ઉગ્ર પ્રતિજ્ઞા ગ્રહણ કરી. પોતે તો પોતાની સાધનાનાં માર્ગમાં ખુબ પ્રગતી સાધી રહ્યા હતા

(ક્રમશ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આભાર**

(૧) શ્રી ઉઝાં ફાર્મસી લિમિટેડના શેઠશ્રી તરફથી દરવર્ષની માફક આ વર્ષે પણ વિક્રમ સંવત ૨૦૩૪ની સાલના જૈન કાર્તકી પંચાગ સભાના સભાસદ બંધુઓ તેમજ શ્રી જૈન ધર્મ પ્રકાશના માસીક વાચક બંધુઓને ભેટ આપવા માટે મોકલાવેલ છે જે આસો માસના અંક સાથે રવાના કરવામાં આવેલ હતા. તેમજ સ્થાનીક દરેક જૈન ભાઈઓ તથા બહેનોને પોતાના ઘર માટે પંચાગ અપાયેલ હતા. તેઓશ્રીની સભા પ્રત્યેની લાગણી માટે સભા તેમનો આભાર માને છે.

(૨) કા શુદ ૧ ને દીવસે શેઠ શ્રી રમણીકલાલ ભોગીલાલ તરફથી સભાના સભાસદ ભાઈઓને દુગ્ધપાન કરાવવામાં આવેલ તથા શ્રી જૈન ધર્મ પ્રસારક સભામાં જ્ઞાન પંચમીને દીવસે સભા તરફથી સુંદર જ્ઞાનની રચના કરેલ અને સારી એવી સંખ્યામાં લોકોએ દર્શનનો લાભ લીધેલ હતો તથા કા શુ ૬ ને દીવસે જ્ઞાન સમીપે પંચજ્ઞાનની પૂજા ભણાવવામાં આવી હતી

(૩) **સ્વ. કુંવરજીભાઇ આણંદજીની પુણ્યતિથી**

સંવત ૨૦૩૪ના પોષ શુદ ૧૧ ને ગુરૂવાર તા. ૧૯-૧-૭૭ ના સ્વ. કુંવરજીભાઈ આણંદજીની તેત્રીશમી સંવત્સરી દીન નિમીતે સભાના હોલમાં પ્રભુજી પધરાવી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પુજા શેઠશ્રી છોટાલાલ નાનચંદ બેન જશકુંવરબેન કુંવરજી તથા શેઠશ્રી પોપટલાલ સાકલચંદ તરફથી ભણાવવામાં આવશે તો સર્વે ભાઈઓને પધારવા આમંત્રણ છે.

卐

## વિદાય

ધર્મપ્રેમી સજ્જનો પુનિત પદે પધારજો,
અંતર આભાર પુષ્પ અર્પીએ સ્વીકારજો....ધર્મ.

સત્કાર્યમાંહિ સાથ આપી સાધનોથી સહાય આપી,
આશીષ અમ અંતરની શુભ સર્વથા થજો.......ધર્મ.

ભુત પ્રાણી સુખી થાઓ, વેર દ્વેષ સમી જાઓ,
અહિંસા અવનીમાં છીએ. ધર્મ વિજયી થજો.... ધર્મ.

"સીતારામ"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચો પુરૂષાર્થ

લેખક રતિલાલ માણેકચંદ શાહ

ઘણા લોકો ધર્મ આચરવા માટે ઉત્સુક હોય છે, પરંતુ તેઓને સાચો ધર્મ કેવો હોઈ શકે? તેની સમજ ન હોવાને કારણે અધર્મને ધર્મ માની તે પ્રમાણે વર્તતા હોય છે. એટલે કે સંસાર વધારતા હોય છે. સંસારના વિષચક્રથી છુટવાને બદલે નવા બંધનો ઉભા કરતા હોય છે જેને શાસ્ત્રોમાં મિથ્યાત્વ તરીકે ઓળખવામાં આવે છે. મિથ્યાત્વ (અજ્ઞાનદશા)ને શાસ્ત્રોમાં મહાપાપ તરીકે વર્ણવેલ છે. જે પાપ અજ્ઞાનદશાને કારણે આપણે ઉપાર્જન કરતા હોઇએ છીએ. એટલે પ્રથમ તો મિથ્યાત્વથી અલિપ્ત થઈ સાચો ધર્મ કોને કહેવાય તે સમજવું પડશે તો જ અધ્યાત્મ માર્ગ આગળ વધી શકાશે. તે સમજયા વગર જે કાંઈ ધર્મને નામે કરશો તે અધર્મ જ હશે તે ન ભુલવું જોઇએ માટે વાસ્તવિક ધર્મ શું છે ? તે સમજવા પ્રથમ પ્રયત્નશીલ બનીએ જેથી સંસારના બંધનો દુર થાય અને સાચા સુખનો આવિસ્કાર થાય.

વાસ્તવિક અધ્યાત્મ માર્ગની શરૂઆત સમ્યગદર્શનથી થાય છે. પ્રથમ સમ્યગદર્શન પ્રાદુર્ભુત કરવુ અત્યંત આવશ્યક છે સમ્યગદર્શનનો આવિષ્કાર કરવા માટે આત્માની અંશે અનુભૂતિ કરવી જરૂરી છે અને તે માટે પ્રથમ આત્માથી આત્માને ઓળખાએ આવશ્યક છે. આત્માર્થ સાધવા માટેની સાચી લગન લાગી હશે તો વિશ્વમાં કોઈ એવી તાકાત નથી કે તેમ કરતા રોકી શકે તે માટે તું સંપૂર્ણ સ્વતંત્ર છે, આત્માર્થ સાધવાની જેને ખરેખર ધગશ છે, ત્યાં સકુલ વિશ્વ તેને આત્માર્થની પ્રાપ્તિમાં અનુકુળ પરિણમી જાય છે અને તે આત્મા જરૂર આત્માર્થને સાધી લે છે, સમ્યકદર્શનને શાસ્ત્રોમાં ચોથા ગુણસ્થાનક તરીકે અંકિત કરવામાં આવ્યું છે, ત્યારબાદ પાંચમાં ગુણસ્થાનકે સાચું શ્રાવકપણું તેમજ છઠ્ઠાગુણસ્થાનકથી સાધુપણાની શરૂઆત થાય છે (એટલે કે ચારિત્રદશાનું પ્રગટીકરણ થાય છે) ભેદ જ્ઞાનપૂર્વક અભેદ એવા આત્માના અનુભૂતિ કરી શકાય છે, જયારે જીવ ભેદ જ્ઞાન કરે છે, ત્યારે તે આસ્રવોથી પાછો ફરે છે, એટલે કે બંધભાવથી અલિપ્ત થઇને મોક્ષમાર્ગની સાધનામાં આગળ વધે છે. દુઃખપ્રદ એવા આસ્રવો અને સુખરૂપ એવો જ્ઞાન સ્વભાવ એ બંને અલગ છે. એવું ભેદ જ્ઞાન કરનાર જીવ તે ક્ષણેજ જ્ઞાન સ્વભાવ સાથે એકતા સાધીને આરત્રવોથી અલગ આવા જ્ઞાન પરિણામનું નામ ભેદજ્ઞાન છે તેના થકી જ જ્ઞાની ને પિછાની શકાય છે. આવા જ્ઞાની સમજે છે કે હું પરથી ભિન્ન, વિકાર રહિત શુદ્ધ છું ને જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ છું જ્ઞાનથી જુદા જે કોઈ ભાવો છે તેની સાથે મારે કાંઈ નિસબત નથી. આ પ્રમાણે ભેદ જ્ઞાની આત્મ- અશાર અને દુખપ્રદ અશરણ એવા સંસારમાં નહીં અબોટતા પરમ સારભુત અને શરણરૂપ એવા સ્વસ્વરૂપ તરફ દ્રષ્ટિ કઈ [ ક્રમશઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કપુર સૌરભ

લેખક : અમરચંદ માવજી શાહ

(સ્વ. પૂજ્ય સન્મિય સદગુણાનુરાગી અજોડ સાધુ મુનિશ્રી કર્પુરવિજયજી મહારાજ સાહેબ મહાન ગુરૂ) વૃદ્ધિચંદ્રજીના શિષ્ય રત્ન હતા તેઓશ્રી વલ્લભીપુરના વતની હતા તેઓશ્રીનો જન્મ સંવત ૧૯૨૫માં થયો હતો તે સમયમાં તેઓશ્રી મેટ્રીક સુધીનો વ્યવહારીક અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી આદર્શ સાધુ હતા તેઓશ્રીનું ચારિત્ર પવિત્ર હતું. તેઓશ્રીની સાદાઈ અને નિસ્પુહતા પ્રશંસનીય હતી. મારે તેઓશ્રીનો પરિચય સંવત ૧૯૭૭માં હું ૧૩ વર્ષની ઉંમરે શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળમાં વિદ્યાઅભ્યાસ માટે દાખલ થયેલ ત્યારે મને તેઓશ્રીના શત્રુંજય તીર્થની યાત્રા કરી આવતા કોટવાળ ધર્મશાળામાં પ્રથમ દર્શન થયા, હું પચ્છેગામનો વતની પચ્છેગામમાં શ્રી કર્પુરવિજય જૈન પાઠશાળામાં હું ભણતો એટલે નામથી પરિચિત હતો આજે પ્રત્યક્ષ દર્શનથી મારો આત્મા તેઓશ્રી પ્રત્યે આકર્શાયો અને જ્યારે જ્યારે રજા હોય ત્યારે રમવા ભમવાનું છોડી દઈ તેઓશ્રીના સાનિધ્યમાં જ આખો દિવસ રહેતો અને મને તેઓશ્રીનો સત્સંગ ખુબજ ગમી ગયો. તેઓશ્રીએ મને નાના નાના ધાર્મિક પુસ્તકો આપ્યા મને નાની નાની બાધાઓ આપી. મને સં. ૧૯૭૯માં યોગનિષ્ઠ આ. મ. શ્રી વિજય કેસરસૂરિએ પ્રકાશીત કરેલી "આત્મજ્ઞાન પ્રવેશીકા" આપી તે વાંચતા મને આત્મજ્ઞાન યોગ અધ્યાત્મ ઉપર આકર્ષણ થયું ૐ અર્હનમઃનો જાપ જપવા લાગ્યો બધા વિદ્યાર્થીઓથી જુદુ જ મારૂ વર્તન અને પરિવર્તન આવ્યું આ બને પરમપુરૂષો મારા જીવનમાં પરમ ઉપકારી નિમિત થયા છે. પૂજ્ય કર્પુરવિજયજી મહારાજને ૧૦૮ વર્ષ જન્મથી ગણાતા ૨૦૩૩માં થાય છે અને પૂજ્ય કેસરસૂરિની શતાબ્દિ ઉજવાય છે આ પ્રસંગે શ્રી કર્પુરવિજયજી લેખ સંગ્રહના ૯ ભાગ તેઓશ્રીના લેખોના શ્રી કર્પુરવિજયજી સ્મારક સમિતિ તરફથી પ્રગટ થયેલ છે તેમાંથી ૧૦૮ પુષ્પો ચુંટીને તેની માળા શ્રી જૈન ધર્મ પ્રકાશ માસીક દ્વારા પ્રસારીત કરૂ છુ. લેખોનો મોટો ભાગ આ માસિકમાં જ છપાયેલો સ્ય. પૂજ્ય કુંવરજીભાઈ આણંદજી તેમના સહાદયાયી હતા સમકાલીન હતા.

૧ જેઓ યથાર્થ ક્ષમા ગુણનું સેવન કરે છે તેઓજ દયા ધર્મનું ખરી રીતે પાલન કરે છે. કરી શકે છે દયા ધર્મ સર્વોત્તમ ધર્મ છે તેનું યથાર્થ સેવન આરાધન કરવા માટે ક્ષમાગુણ આદરવાની અતિ આવશ્યકતા જણાવી છે ક્ષમગુણ નમૃતા રાખવાથી આવે છે, તેથી નમ્રતા અથવા વિનય ગુણ ધારણ કરવાની પણ બહુ જરૂર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. શ્રમણપણું સાધુપણું ખરેખર ક્ષમા ઉપશમગુણ (સમતાગુણ)ની પ્રધાનત્વવાળું જ વખાણેલું છે સમતાગુણ વગર સાધુપણાનો ખરો સ્વાદ મળી શકતો નથી સમતા રસમાં નિમગ્ન રહેવું ગમે તેવા ઉપસર્ગ, પરિષહમાં ખેદ કરવો નહિ પરંતુ સમભાવે તે સર્વ સહન કરવા દૃઢતા રાખવી એ જ સાધુપણાની ખરેખરી શોભા છે.

૩. દરેક માંગલિક પ્રસંગે વિદેશી ભ્રષ્ટ વસ્તુઓથી આપણે પરહેજ રહેવું અને સ્વદેશી પવિત્ર વસ્તુઓનો જ ઉપયોગ કરવો અને કરાવવો.

૪. આપણા પવિત્ર તીર્થોની રક્ષા અર્થે આપણાથી બને તેટલો સ્વાર્થ ત્યાગ કરવા આત્મભોગ આપવા તૈયાર રહેવું.

૫. કોઇપણ જાતના કુવ્યસનથી સદંતર દુર રહેવું અને આપણી આસપાસ યાને એનાથી દુર રહેવા પ્રિતિભરી પ્રેરણા કરવી.

૬. શાંતરસથી ભરેલી જીન પ્રતિમાને જિનેશ્વર તુલ્ય લેખી આપણે તેવા જ અવિકારી થવા પૂજા અર્ચાદિક પ્રેમથી કરવા કરાવવા બનતુ લક્ષ રાખવું

૭. આત્મ શાંતિને આપનારી જિન વાણીનો લાભ મેળવવા (સાંભળવા) માટે પ્રતિદિન થોડો ઘણો વખત પ્રેમ પૂર્વક પ્રમાદ રહિત પ્રયત્ન કરવો

૮. શરીર નિરોગી હોય તો જ ધર્મ સાધન રૂડી રીતે થઇ શકે માટે શરીર આરોગ્ય સાચવવા પુરતી સંભાળ રાખવી

૯. આવકના પ્રમાણમાં જ ખર્ચ રાખવું અને બિન જરૂરી ખર્ચ બંધ કરી બચેલા નાણાનો સદઉપયોગ કરવાં કરાવવા લક્ષ રાખવું.

૧૦. જ્ઞાનદાન સમાન કોઈ ધન નથી એમ સમજીએ કાર્યમાં યથાશક્તિ સહાય કરવી અને તત્વજ્ઞાનનો ફેલાવો થાય તેવો પ્રબંધ કરવો કેમકે શાસનની ઉન્નતિનો ખરો આધાર તત્વજ્ઞાન ઉપર અવલંબી રહેલો છે.

૧૧. આપણા જૈન ભાઈ બહેનોમાં અત્યારે ઘણે ભાગે કળા કૌશલ્યની ખામીથી પ્રમાદ ચરણથી, અગમચેતીપણાના અભાવથી અને નાતવરા વિગેરે નકામા ખર્ચ થતા હોવાથી જે દુઃખભરી હાલત થવા માંડી છે, તે જલદી દુર થાય તેવી તાલીમ કેળવણી) દેશકાળને અનુસારે ઉછરતી પ્રજાને આપવા દરેક યોગ્ય સ્થળે ગોઠવણ કરવી. (ક્રમશ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેવ અરિહંત

લેખક : મણીલાલ મો. ધામી

દરેક જ્ઞાતિમાં પોતાના ઇષ્ટદેવ હોય છે તેમ જૈન જ્ઞાતી પણ પોતાના ઇષ્ટદેવને માને છે. તે સામાન્ય અપેક્ષાએ પંચ પરમેષ્ઠી દેવ છે, વિષેશ રૂપે કહીએ તો તે અરિહંત દેવ છે. જૈન સમાજમાં નમોકાર મંત્રનો બહુજ મહીમાં છે. તેમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય ને સર્વ સાધુને નમસ્કાર કરેલ છે. તે બધા મંગળમાં ઉત્તમ મંગળ છે ને સર્વો પાપોનો નાશ કરવાવાળો મહા મંત્ર છે તેમાંથી પહેલા બે અરિહંત અને સિદ્ધ દેવ છે બાકીના આચાર્ય ઉપાધ્યાયને સાધુ ગુરૂઓ છે દરેકનું સ્વરૂપ શું છે તે જાણવું જરૂરી છે અરિહંત એટલે જેણે ચાર ઘાતિયા કર્મોનો નાશ કર્યો છે જેવા કેઃ- જ્ઞાનાવર્ણી, દર્શનાવરણી, મોહનીય અને અંતરાય કર્મ આચાર કર્મનો નાશ કરવાથી અરિહંત પદ પ્રાપ્ત કરે છે જે સર્વજ્ઞ કહેવાય છે ને લોકાલોકને તે પદાર્થોની સર્વ પર્યાયોને યુગવત જાણે છે અરિહંત ભગવાન છેતાલીશ ગુણ સહિત અને અઢાર દોષ રહિત હોય છે. ૪૬ ગુણ જેવા કે—

૩૪ અતીશય, આઠ પ્રતિહાર્યને અનંત ચતુષ્ટય હવે ચોત્રીસ અતીશયો કયાં કયાં છે તો ૧૦ જન્મના ૧૦ કેવળજ્ઞાનનાં અને ૧૪ ઇંદ્ર દ્વારા થયેલ.

અરિહંત ભગવાન જન્મે છે ત્યારે નીચે પ્રમાણે દશ અતીશયો હોય છે (૧) અત્યંત સુંદર શરીર (૨) અતી સુગંધમય શરીર (૩) પરસેવા રહિત શરીર (૪) મલ-મુત્ર રહીત શરીર (૫) હીતમીત વચન બોલે (૬) અતુલ બળ હોય (૭) લોહી દુધ જેવું હોય (૮) શરીરમાં એક હજાર ને આઠ ગુણ હોય (૯) સમ ચતુર સ્ત્ર સંસ્થાન (એટલે દરેક અવયવ શરીરના સરખાને દેહીપ્યવાન હોય) (૧૦) અને વજ વૃષભ નાચર, સહનન (એટલે હાડકા વીગેરે બહુ મજબુત હોય છે આવી રીતે અરિહંત ભગવાનનો જન્મનો મહીમા હોય છે.

પછી જ્યરે કેવળજ્ઞાન થાય છે ત્યારે પણ દશ જાતના અતિશયો હોય છે જેવાકે (૧) જ્યાં અરિહંત ભગવાન હોય તેની આસપાસ એકસો જોજન સુધીમાં સુકાળ જ હોય દુકાળ હોય જ નહિ. (૨) આકાશમાં ગમન કરે છે (૩) અર્હંતનું મુખ ચારે બાજુ દેખાય છે (૪) અદયાનો અભાવ હોય છે (૫) ઉપસર્ગ રહીત હોય છે (૬) આહાર કવલા આહાર નથી હોતો પરંતુ અંતરંગ શુદ્ધ પરિણામથી જ ભુખ લાગતી નથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭) બધી વિદ્યાના જાણકાર (૮) નખ ને વાળ વધે નહિ (૯) આંખની પાપણ પલકે નહિ (એકધારી નજર હોય છે) (૧૦) અરહંત ભગવાનની છાયા પડતી નથી આવા દશ અતીશયો કેવળજ્ઞાન થતા અરિહંતને હોય છે હવે ચૌદ અતિશયો દેવો દ્વારા કરેલ હોય છે જેવા કેઃ-

૧ અર્હંત ભગવાનની ભાષા અર્ધ માગધી હોય છે ૨ દરેક જીવો પ્રાણી માત્ર સાથે મિત્રતા હોય ૩ બધી દિશાઓ નીર્મળ હોય છે ૪ આકાશ પણ નીર્મળ હોય છે ૫ દરેક રૂતુના ફળફુલ ધાન્ય આદિ એક સમયમાં ફળે છે ૬ એક જોજન પુથ્વી સાફ કાચ જેવી સ્વચ્છ હોય છે ૭ અર્હંત ભગવાન ચાલે ત્યારે તેનાં પગની નીચે સોનાનું કમળ હોય છે. (દેવોએ બનાવેલ) ૮ આકાશમાં જય જય ધ્વની થાય છે ૯ સુગંધમય જલની વૃદ્ધિ થાય છે ૧૦ પવનકુમાર દ્વારા ભુમી ઉપરથી કચરો કાંટા સાફ કરેલ હોય છે ૧૧ સમસ્ત જીવો આનંદમાં આવી જાય છે ૧૨ અર્હંત ભગવાન જેમાં જ્યાં જાય ત્યાં આગળ ધર્મચક્ર ચાલે છે જેમકે (પુતળીગાડી) ૧૩ અપર મંગળ જેવાકે છત્ર ચમર ધજા ઘંટ આદિ સાથે સાથે હોય છે ૧૪ સુગંધમય પવન વાય છે. આવી રીતે ચૌદ અતિશયો અર્હંત ભગવાન જાપ છે કે હોય છે ત્યા થાય છે

અરિહંત ભગવાન બાહ્યદ્રપરીથી આઠ પ્રાતિકાર્યથી ઓળખાય છે પહેલાના જમાનામાં દરેક દેરાસરોમાં અર્હંત ભગવાનની પ્રતિમાં સાથે ઓળખાણરૂપે આઠ પ્રતીકાર્ય રાખવા જેવા કેઃ અર્હંતની પ્રતીમાં પાછળ અશોકવૃક્ષ સીંહાસનમાં બીરાજમાન હોય ઉપર ત્રણ છત્રો હોય (૪) ભા મંડળ હોય (ભગવાનના જ્ઞાનનો પ્રકાશ) (૫) દીવ્ય ધ્વનીરૂપે ૐ ઓઉમ હોય છે (૬) પુષ્પવૃષ્ટિ દેવો દ્વારા થતી હોય છે. (૭) ભગવાનને ચોસઠ ચામર ઈન્દ્રો દ્વારા ઢોળાતા હોય છે અને (૮) દુદુભી માટે ઘંટ હોય છે, આ પ્રમાણે આઠ પ્રાતી કાર્યથી આપણે અર્હંત ભગવાનની પ્રતીમા ઓળખી શકીએ છીએ. હવે અંતરંગ દ્રષ્ટીથી અર્હંત દેવ અઢાર દોષ રહીત હોય છે જેવા કેઃ-

અર્હંત ભગવાનને ૧ જન્મ નથી ૨ ઘડપણ નથી ૩ તરસ લાગતી નથી ૪ ભુખ લાગતી નથી ૫ આશ્ચર્ય પામતા નથી. ૬ ખેદ પામતા નથી ૭ દુઃખ હોતું નથી. ૮ રોગ હોતો નથી. ૯ શોક હોતો નથી ૧૦ મદ (અભીમાન) હોતો નથી ૧૧ મોહ હોતો નથી ૧૨ ભય હોતો નથી. ૧૩ નિંદ્રા હોતી નથી. ૧૪ ચીન્તા હોતી નથી. ૧૫ પસીનો થતો નથી ૧૬ રાગ થતો નથી ૧૭ દ્વેશ થતો નથી. ૧૮ અને મરણ થતું નથી. આ અઢાર દોષ અર્હંત દેવને હોતા નથી.

આ ઉપરાંત અર્હંત ભગવાનને ચાર ઘાતીય કર્મનો નાશ કર્યો નથી. ચાર અનંત ચતુષ્ટયમય થયા જેવા કે :- (ક્રમશ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વમાન્ય ધર્મ

લેખક : શાહ ચત્રભુજ હરજીવનદાસ

જગજન કહે પાષાણુને,
ભુજપગ પરતું પડ;
કળતર દુઃખ ઉતારવા,
સુખ બદલે ચડી કળ. ૨૭૫

તનમનધન ઘેલા જનો,
પશૂપક્ષી જીવન;
તનમનધન મેલો જનો,
ગળી ડાઘ પીવન. ૨૭૬

કરકરાવ અનુમોદવું,
સરખાફળ સંસાર;
જ્ઞાની અજ્ઞાની સૌલહે,
લાભાલાભ અપાર. ૨૭૭

મંગલમેં'લે જઈ વસે,
મનવચકાય સુભોગ;
આત્મા જંગલ જઇ વસે,
જીવન સાર્થ વિયોગ. ૨૭૮

જંગલ ઝાડે જઇ વસે,
મન વચકાય સુભોગ;
મંગલમેં'લ આત્મા વસે,
જીવન સાર્થ સંયોગ. ૨૭૯

સંગિતશાસ્ત્ર ભેદ બે,
અભ્યંતરને બાહ્યું;
યોગાનુભવ અભ્યંતરે,
બાહ્ય અભ્યાસેસ્હાય. ૨૮૦

તાલ સૂરને રાગ ત્રણ,
મનવચકાય સંયોગ;
તાલમનવચ સૂરપણ,
રાગકાય પ્રયોગ. ૨૮૧

સ્વર્ગપાતાળ જ્યોતિષનોહ,
જ્યોતિષ મૃત્યુલોક;
ઉત્પતિલયના કાર્યભુત,
નવેગ્રહો દેવલોક. ૨૮૨

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg G BV-37

# જ્ઞાનનો ધોરીઓ

ધોરીઓ વહેતો વહેતો અહીં આવીઓ રે,
જ્ઞાનામૃતના નિર્મળ નીર
નવપલ્લવીત કહે આત્મ બાગને રે,
એમાં હરીયાળા ઉગ્યા લીલા છોડ....ટેક ૧
એમાં ખીલ્યા પુષ્પો ગુલાબના રે,
એની સુવાસ પ્રસરે અપાર,
કરે ચિત્ત પ્રસન્નતા શાંતિની રે,
એ તો ધરે આત્માનું ધ્યાન....ટેક ૨
એ પુષ્પો ચડાવ્યા ભગવાનને રે,
અને પૂજ્યા પ્રભુના પાય
ઘણો કર્યો ઉપકાર પામર પરે રે,
સદ્‌ગુરુ વહાવે પ્રભુ ધોધ...ટેક ૩
સમ્યગ દર્શન જ્ઞાન તણી શુદ્ધતા રે,
કરે ચારિત્રના પરિણામ,
અહિંસા સંયમ તપ પાળતા રે,
આનંદ પ્રેમને શાંતિ પામ... ટેક ૪
એણે હર્ષ શોક રાગ દ્વેષ ત્યાગીઆ રે,
સંકલ્પ વિકલ્પનો કર્યો જય,
એણે પરભવ પર દ્રવ્ય છોડીયા રે,
વિષય કષાયનો કર્યો ત્યાગ...ટેક ૫
ૐ સત ચિદાનંદ પામીયા રે,
અર્હંત વિતરાગ સ્વરૂપે થાય,
નિર્વિકલ્પ શાંતિમાં સ્થીર તારે
'અમર' આનંદ મંગળ થાય...ટેક ૬

—અમરચંદ માવજી શાહ

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ખારગેટ, ભાવનગર. ફોન : ૪૬૪૦

For Private And Personal Use Only